## 1. વાલા મારી સૂધબૂધ તેં હરી લીધી રે...

**પદ : ૧**

**વાલા મારી સૂધબૂધ તેં હરી લીધી રે;**
**તારે લટકે વેરાગણ કીધી...વાલા ટેક.**

**તારી નવલ કલંગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;**
**જાણે જબર જાદુડાની ચીઠી...વાલા ૧**

**જોયું મોળીડું આંટે ફરતું રે, પળ એક નથી વીસરતું રે;**
**મારું હૈડું ધીરજ નથી ધરતું...વાલા ૨**

**ભાલે આડ કેસર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;**
**જાણે મન પકડયાની છે જાળી...વાલા ૩**

**વાંકી ભ્રકુટિ ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;**
**જાણે શ્યામ કબાણ ચઢાવી...વાલા ૪**

**પદ : ૨**

**પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણીયા રે,**
**જોઈ ભેખ લીધો મેં જોગણિયાં...પ્યારા ટેક.**

**તારાં લોચન બાણ તીખડિયાં રે, ઘણા જાદુ હથોડીનાં ઘડિયાં રે;**
**આવી ઓચિંતાં મુજ પર પડિયાં...પ્યારા ૧**

**તારી નાસિકા સુંદર નમણી રે, છે જો દીપક કીર લજમણી રે;**
**એ તો જીવનદોરી છે અમણી...પ્યારા ૨**

**કાને કુંડળ નૌતમ ધરિયાં રે, ભારે નંગ વળી રંગ ભરિયાં રે;**
**આવી અંતરમાં ઊંડાં ગરિયાં...પ્યારા ૩**

**દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;**
**બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે...પ્યારા ૪**

પદ : ૩

રૂડી તારી મૂછની રેખા ઊપડતી રે;
ચિત્ત ચોર્યું ચાલુ લડથડતી...રૂડી ટેક.

હૈડામાં વસી મારે હાંસી રે, એને સમરે છે જોગ અધ્યાસી રે;
જાણે પ્રેમ તણી માંડી ફાંસી...રૂડી ૧

હેતે દંત બત્રીસી હેરી રે, ઠીક થઈને વૃત્તિ મારી ઠેરી રે;
કાજુ કળિયું તે દાડમ કેરી...રૂડી ૨

વાલા મોરલી ધીરે સ્વરે વાજો રે, પ્રીતે અધર અમૃતરસ પાજો રે;
જ્યાં જાઓ ત્યાં સાથે તેડી જાજો...રૂડી ૩

જ્યારે ચાવો છો પાન સોપારી રે, છોળો આવે તંબોળની બા'રી રે;
તેનો બ્રહ્માનંદ અધિકારી...રૂડી ૪

પદ : ૪

કાના તારો કંઠ કહ્યામાં ન આવે રે;
એ તો કૌસ્તુભમણિને શોભાવે...રૂડી ટેક.

હૈડે પહેર્યો છે હાર હજારી રે, ભુજદંડ પ્રચંડ છે ભારી રે;
નાખી કંઠ જીવે વ્રજનારી...કાના ૧

શોભે કમરે રેંટો સુધો સારો રે, જ્ઞાની ધ્યાનીનો દિવસ ગુજારો રે;
ચાલ જોઈ લાજે હંસ બિચારો...કાના ૨

રૂડી લાગે છે પગની આંગળિયું રે, નખતેજ જાયે નહીં કળિયું રે;
જાણે ચંદ્ર તણી છે મંડળિયું...કાના ૩

રાજે ચરણે લાંબી ઊર્ધ્વરેખું રે, હું તો ધ્યાન વિના એને દેખું રે;
બ્રહ્માનંદ કે' જનમ ધન્ય લેખું...કાના ૪

ટેક..

વાલા મારી સૂધબૂધ તેં હરી લીધી રે.
પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણીયા રે.
રૂડી તારી મૂછની રેખા ઊપડતી રે.
કાના તારો કંઠ કહ્યામાં ન આવે રે.

**2. તારા મુખની લાવનતા મીઠી રે, મોહન વનમાળી**

**પદ : ૧**

**તારા મુખની લાવનતા મીઠી રે, મોહન વનમાળી;**
**એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી...ટેક.**
**ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે...મોહન ૧**
**રંગડો જામ્યો છે ફૂલડાને તોરે, ભ્રમર ભમે છે ચહુકોરે રે...મોહન ૨**
**ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે...મોહન ૩**
**બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વહાલા તારું રે...મોહન ૪**

**પદ : ૨**

**તારાં લટકાં પ્યારાં મને લાગે રે, લહેરી લટકાળા;**
**હું તો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા...ટેક.**
**સુંદર નેણ કમળદળ જેવી, ભ્રકુટી ભ્રમર રહ્યા સેવી રે...લહેરી ૧**
**ગૌર કપોળ સુભગ તિલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે...લહેરી ૨**
**અધર ઉપર જાણે કુંકુમ ઢળિયું, દંત દાડમ કેરી કળિયું રે...લહેરી ૩**
**બહ્મ્ર ાનદં કહ ે સામું જોઈને, મનડું લીધું છે મારું પ્રોઈને રે...લહેરી ૪**

**પદ : ૩**

**વહાલી લાગે છે મુખડાની વાણી રે, પ્રીતમજી પ્યારા;**
**મીઠે મરકલડે લોભાણી રે, સુંદરવર સારા...ટેક.**
**નટવર આડી નજરે નિહાળી, રંગડાની રેલું વાળી રે...પ્રીતમ ૧**
**મધુર મધુર મુખ હાસ કરીને, લીધા છે પ્રાણ હરીને રે...પ્રીતમ ૨**
**મનમોહન તારી નૌતમ મૂરતિ, નિમખ ન મેલું મારા ઉરથી રે...પ્રીતમ ૩**
**બ્રહ્માનંદ કહે રીઝી તારે રાગે, અહોનિશ રહેજો મારે આગે રે...પ્રીતમ ૪**

**પદ : ૪**

**તારાં છોગલિયાંની છબી ભારી રે, કુંવર કાનુડા;**
**છેલા ગુણવંતા ગિરધારી રે, લાગો છો રૂડા...ટેક.**
**પ્રાણજીવન શિર કેશ રૂપાળા, કાળા ખીંટલિયાળા રે...કુંવર ૧**
**લાલ કસુંબી તારા મોળીડાને ચટકે, જોઈને મોહી છું કર લટકે રે...કુંવર ૨**
**કુંડળની છબી નથી રે કહેવાતી, નીરખી ઠરે છે મારી છાતી રે...કુંવર ૩**
**બ્રહ્માનંદ કહે રહોને રંગીલા, આંખડલીમાં અળવીલા રે...કુંવર ૪**

**ટેક..**

**તારા મુખની લાવનતા મીઠી રે, મોહન વનમાળી.**
**તારાં લટકાં પ્યારાં મને લાગે રે, લહેરી લટકાળા.**
**વહાલી લાગે છે મુખડાની વાણી રે, પ્રીતમજી પ્યારા.**
**તારાં છોગલિયાંની છબી ભારી રે, કુંવર કાનુડા.**

3. નેણામાં રાખું રે નેણામાં રાખું રે

પદ : ૧

નેણામાં રાખું રે નેણામાં રાખું રે; નાથજીને જતન કરીને રે, મારા નેણામાં રાખું રે...ટેક.
શિવ સનકાદિક શુક જેવા જોગી, હાં રે જેની વાટું જુવે છે લાખું રે...નાથ ૧
છેલ છબીલાજીની મૂરતિ ઉપર, હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે...નાથ ૨
નયણે નીરખી હરિને ઉરમાં ઉતારું, હાં રે એના ગુણડા નિશદિન ભાખું રે...નાથ ૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાં રે હું તો પ્રેમ કરી નિત્ય ચાખું રે...નાથ ૪

પદ : ૨

અળગા ન મેલું રે અળગા ન મેલું રે; નાથ તમને આંખડલીથી રે, અળગા ન મેલું રે...ટેક.
મદનમોહન તારી મૂરતિ જોઈને, હાં રે મારું મનડું થયું છે ઘેલું રે...નાથ ૧
લોક કુટુંબ પરિવાર તજીને, હાં રે મેં તો તમ સંગ બાંધ્યું છે બેલું રે...નાથ ૨
પ્રાણજીવન તમે પાસે રાખ્યાનું, હાં રે મને વચન દીધું છે વેલું રે...નાથ ૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાં રે તારું મોળીડું રંગનું ભરેલું રે...નાથ ૪

પદ : ૩

નહિ દિયું જાવા રે નહિ દિયું જાવા રે; નાથ તમને આંખડલીથી રે, નહિ દિયું જાવા રે...ટેક.
જીવની પેઠે જાળવીને રાખીશ, હાં રે એક લગારે ન દેઉં દુઃખાવા રે...નાથ ૧
મનગમતા રે ભોજન રાંધી જમાડું, હાં રે લાવું સાકર નાખીને દૂધ પાવા રે...નાથ ૨
શ્વેત અંબર અતિ ઝીણાં લાવું, હાં રે મારા પ્રાણ તમને પેરાવા રે...નાથ ૩
જાવાનું રે તમે નામ લિયો તો, હાં રે પ્રેમાનંદના સમ છે માવા રે...નાથ ૪

પદ : ૪

આવા ને આવા રે આવા ને આવા રે; રહેજો મારી આંખડીમાં રે આવા ને આવા રે...ટેક.
આવા ને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનના તાપ બુઝાવા રે...રહે ૧
ડોલરિયાના નીત હાર પેરાવું, હાં રે રૂડા તોરા લાવું લટકાવા રે...રહે ૨
અમૃત વેણે સુકોમળ નેણે, હાં રે અતિ અમૃત ઝડી વરસાવા રે...રહે ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાં રે રહું હાજર નિશદિન ગાવા રે...રહે ૪

ટેક..

નેણામાં રાખું રે નેણામાં રાખું રે; નાથજીને જતન કરીને રે, મારા નેણામાં રાખું રે.
અળગા ન મેલું રે અળગા ન મેલું રે; નાથ તમને આંખડલીથી રે, અળગા ન મેલું રે.
નહિ દિયું જાવા રે નહિ દિયું જાવા રે; નાથ તમને આંખડલીથી રે, નહિ દિયું જાવા રે.
આવા ને આવા રે આવા ને આવા રે; રહેજો મારી આંખડીમાં રે આવા ને આવા રે.